# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21-10-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

**************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી કેરળની ચાર દિવસની મુલાકાતે

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, સુરક્ષા દળોની બહાદુરીથી દેશે માઓવાદીઓને નાબૂદ કરવામાં મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યું.

3) બિહારમાં, વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૧૨૧ વિધાનસભા બેઠકો પર એક હજાર ૩૧૪ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં

4) દિવાળી નિમિત્તે આજે NSE અને BSE સ્ટોક એક્સચેન્જ ખાતે મુહૂર્ત ટ્રેડિંગ સત્ર યોજાશે

5) "હમ અંગ્રેજ કે જમાને કે જેલર હૈ" ફેમ પીઢ અભિનેતા ગોવર્ધન અસરાનીનું ગઈકાલે મુંબઈમાં નિધન

6) એશિયા યુવા રમતોત્સવ 2025માં, ભારતે કુસ્તીમાં વધુ બે ચંદ્રક જીત્યા

............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PREZ - KERALA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે કેરળના ચાર દિવસના પ્રવાસે તિરુવનંતપુરમ પહોંચશે. આવતીકાલે રાષ્ટ્રપતિ સબરીમાલા મંદિરના દર્શને જશે. સુશ્રી મુર્મુ ગુરુવારે તિરુવનંતપુરમ ખાતે રાજભવનમાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ કે. આર. નારાયણનની પ્રતિમાનું અનાવરણ કરશે.

રાષ્ટ્રપતિ શ્રી નારાયણ ગુરુ સમાધિના શતાબ્દી સમારોહમાં પણ હાજરી આપશે. આ ઉપરાંત, પાલામાં સેન્ટ થોમસ કોલેજ અને એર્નાકુલમમાં સેન્ટ ટેરેસા કોલેજના કાર્યક્રમોમાં પણ ભાગ લેશે.

# PM-GOA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, ભારતનું સંરક્ષણ ઉત્પાદન છેલ્લા દાયકામાં ત્રણ ગણું વધીને 1.5 લાખ કરોડ રૂપિયાએ પહોંચ્યુ છે. જેમાં 2014થી 40થી વધુ સ્વદેશી રીતે નિર્મિત યુદ્ધ જહાજો અને સબમરીનનુ ઉત્પાદન થયું છે. શ્રી મોદીએ ગઈકાલે ગોવા અને કારવારના દરિયાકાંઠે ભારતના પ્રથમ સ્વદેશી વિમાનવાહક જહાજ-INS વિક્રાંત પર નૌકાદળના કર્મચારીઓ સાથે દીવાળી ઉજવી હતી. આ પ્રસંગે શ્રી મોદીએ કહ્યું કે, ઓપરેશન સિંદૂર દરમિયાન ત્રણેય સેનાઓ વચ્ચેના અસાધારણ સંકલનથી પાકિસ્તાનને શરણાગતિ સ્વીકારવાની ફરજ પડી હતી.

પ્રધાનમંત્રીએ સુરક્ષા દળોની બહાદુરી અને દૃઢ નિશ્ચયની પણ પ્રશંસા કરી અને કહ્યું કે તેમના કારણે જ રાષ્ટ્રે માઓવાદીઓનો ખાતમો બોલાવી એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યું છે.

(BYTE: PM MODI MAOIST)

પદભાર સાંભળ્યાના પ્રથમ વર્ષે શ્રી મોદીએ લદ્દાખના સિયાચીન ગ્લેશિયરમાં તૈનાત સૈનિકો સાથે દિવાળી ઉજવી હતી. ગયા વર્ષે તેમણે સર ક્રીક ખાતે તૈનાત સૈનિકો સાથે દિવાળી ઉજવી હતી.

# BIHAR-ELECTIONS

બિહાર વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કા માટે ઉમેદવારી પત્રોની ચકાસણી આજે હાથ ધરાશે.આ તબક્કામાં ૧૧ નવેમ્બરે ૨૦ જિલ્લાઓમાં ફેલાયેલા ૧૨૨ મતવિસ્તારોમાં મતદાન થશે. આ તબક્કામાં ૧૨૨ બેઠકો માટે ૨ હજાર ૬૦૦ થી વધુ ઉમેદવારી પત્રો દાખલ કરાયા છે. ઉમેદવારો ૨૩ ઓક્ટોબર સુધીમાં પોતાના ઉમેદવારી પત્રો પાછા ખેંચી શકશે.

દરમિયાન, મહાગઠબંધનના ઘટકોએ એકબીજા સામે ઉમેદવારો ઉભા રાખ્યા છે.RJD એ ૧૪૩ બેઠક પર, કોંગ્રેસે ૬૧ બેઠક પર અને CPIએ ૨૦ બેઠકો પર ઉમેદવારો ઉભા રાખ્યા છે

પ્રથમ તબક્કા માટે ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની અંતિમ તારીખ સમાપ્ત થયા બાદ, ૧૨૧ વિધાનસભા બેઠકો માટે કુલ ૧ હજાર ૩૧૪ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. પ્રથમ તબક્કા માટે મતદાન ૬ઠ્ઠી નવેમ્બરે યોજાશે.

# MUHURAT TRADING

દિવાળી નિમિત્તે આજે NSE અને BSE સ્ટોક એક્સચેન્જ ખાતે મુહૂર્ત ટ્રેડિંગ સત્ર યોજાશે. આ સત્ર બપોરે એક વાગીને 45 મિનિટથી બે વાગીને 45 મિનિટ સુધી યોજાશે.

મુહૂર્ત ટ્રેડિંગ સત્ર દિવાળીથી શરૂ થતા નવા વર્ષ, વિક્રમ સંવત 2082ની શરૂઆત પણ દર્શાવે છે. ગઈકાલે સંવત 2081ના છેલ્લા દિવસે NSE નિફ્ટી અને BSE સેન્સેક્સ સૂચકાંકો ઊંચા સ્તરે બંધ થયા હતા. શુભ મુહૂર્ત દરમિયાન ટ્રેડિંગ હિસ્સેદારો માટે સમૃદ્ધિ અને નાણાકીય વૃદ્ધિ લાવે છે તેવું મનાય છે. બજાર વિશ્લેષકોના જણાવ્યા અનુસાર દિવાળીને નવા સાહસો શરૂ કરવા માટે એક શુભ પ્રસંગ માનવામાં આવે છે. મુહૂર્ત ટ્રેડિંગ 2025 ફરી એકવાર ભારતના રોકાણકારો માટે સમૃદ્ધિ, આશાવાદ અને નવી શરૂઆતની ભાવનાને પ્રતિબિંબિત કરે તેવી અપેક્ષા છે.

# ASRANI

પીઢ અભિનેતા ગોવર્ધન અસરાનીનું ગઈકાલે મુંબઈમાં ૮૪ વર્ષની વયે નિધન થયું. તેમણે ગઇકાલે સાંજે ચાર વાગ્યાની આસપાસ અંતિમ શ્વાસ લીધા. અસરાનીનું હિન્દી સિનેમામાં ઉપરાંત ગુજરાતી ફિલ્મોમાં પણ મહત્વનુ યોગદાન રહ્યું છે. શ્રી અસરાનીનું ગુજરાતી ફિલ્મનું એક ગીત હું અમદાવાદનો રિક્ષા વાળો ખૂબ જ પ્રખ્યાત થયું હતું.

સાંભળીએ એક અહેવાલ...

(V/C: ASRANI PROFILE)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# US-AUSTRALIA-DEAL

**અમેરિકા અને ઓસ્ટ્રેલિયાએ મહત્વપૂર્ણ ખનિજો અને સંરક્ષણ સહયોગ અંગે 8.5 બિલિયન અમેરિકી ડોલરના કરાર પર હસ્તાક્ષર કર્યા છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થોની અલ્બેનીઝ વચ્ચે ઉચ્ચ-સ્તરીય બેઠક દરમિયાન વ્હાઇટ હાઉસ ખાતે આ કરારને ઔપચારિક સ્વરૂપ અપાયું હતું.**

**આ કરારનો ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચે પુરવઠા શ્રૃંખલાની સુરક્ષા, ઉર્જા સ્વતંત્રતા અને લશ્કરી સહયોગને વધારવાનો છે. રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે કહ્યું, મહત્વપૂર્ણ ખનિજોના કરાર પર ચાર-પાંચ મહિનાથી કામ ચાલી રહ્યું છે.**

**વ્હાઈટ હાઉસ દ્વારા બહાર પાડેલ દસ્તાવેજ અનુસાર, બંને સરકારો સંયુક્ત રીતે મહત્વપૂર્ણ ખનિજ પ્રોજેક્ટ્સમાં ત્રણ બિલિયન ડોલરથી વધુનું રોકાણ કરશે,**

જેનું કુલ અંદાજિત 53 બિલિયન ડોલરનું મૂલ્ય છે. પ્રધાનમંત્રી અલ્બેનીઝે કહ્યું, 8.5 બિલિયન ડોલરનો એક પ્રોજેક્ટ પ્રગતિમા છે.

# INTERNATIONAL-DIWALI-GREETINGS

દેશભરમાં ગઇકાલે દિવાળીની ઉલ્લાસપૂર્વક ઉજવણી કરાઇ, ત્યારે વિશ્વભરના નેતાઓએ શુભેચ્છાઓ પાઠવી. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ તહેવાર ઉજવી રહેલા તમામને શુભેચ્છાઓ પાઠવતા કહ્યું, દિવાળી આશા, નવીકરણ અને અનિષ્ટ પર સારાના વિજયનું પ્રતીક છે. અમેરિકામાં ભારતના રાજદૂત વિનય મોહન ક્વાત્રા સાથે રાષ્ટ્રપ્રમુખના ખાસ દૂત સર્જિયો ગોરેએ ઇન્ડિયા હાઉસ ખાતે દિવાળીની ઉજવણીમાં ભાગ લીધો હતો.

કેનેડાના પ્રધાનમંત્રી માર્ક કાર્નેએ પણ શુભેચ્છાઓ પાઠવી હતી. ભારતમાં સંયુક્ત આરબ અમીરાતના રાજદૂત અબ્દુલનાસેર અલશાલીએ શુભેચ્છાઓ પાઠવતા કહ્યું, દિવાળી શરૂઆતથી જ ભારતની તેમની મુલાકાતનો એક મહત્વપૂર્ણ ભાગ રહી છે. ઇઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ભારતના લોકોને દિવાળીની શુભેચ્છાઓ પાઠવતા બંને દેશો વચ્ચેના મજબૂત સંબંધો પર ભાર મૂક્યો હતો.

બ્રિટનમાં પ્રધાનમંત્રી કીર સ્ટાર્મરે તેમની તાજેતરની ભારત મુલાકાતને યાદ કરી, જેમાં તેમણે ભારત પ્રત્યેના સ્નેહ અને સંબંધોને નવેસરથી શરૂ કરવાના પ્રતીક તરીકે મુંબઈમાં દીવો પ્રગટાવ્યો હતો. યુક્રેનનું વિદેશ મંત્રાલય પણ આ પ્રસંગે વૈશ્વિક સદ્ભાવનાના તહેવારમાં જોડાયું હતું.

આ ઉપરાંત ઓસ્ટ્રેલિયા ન્યુઝીલેન્ડ અને સિંગાપોરના નેતાઓએ પણ દિવાળીની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. નવી દિલ્હીમાં, ફિનલેન્ડ, ઇઝરાયલ, ઑસ્ટ્રિયા, બ્રાઝિલ, સ્વિટ્ઝર્લૅન્ડ અને યુરોપિય સંઘના રાજદ્વારી મિશનના વડાઓ પણ દિવાળીની ઉજવણીમાં જોડાયા હતા.

# TRUMP-CHINA-TARIFF

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચીનને જો નવો વેપાર કરાર નહીં થાય તો આગામી પહેલી તારીખથી 155 ટકા સુધીનો ટેરિફ લાદવાની કડક ચેતવણી આપી છે. ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થોની અલ્બેનીઝ સાથેની મુલાકાત દરમિયાન વ્હાઇટ હાઉસમાં બોલતા, રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું કે ચીન પહેલાથી જ અમેરિકાને થતી નિકાસ પર 55 ટકા ટેરિફ ચૂકવી રહ્યું છે, અને જો કોઈ કરારને અંતિમ સ્વરૂપ આપવામાં ન આવે તો આ દરમાં તીવ્ર વધારો થઈ શકે છે.શ્રી ટ્રમ્પે જણાવ્યું કે વેપાર ક્ષેત્રે તણાવ ચાલુ હોવા છતાં, ચીન અમેરિકાનું સન્માન કરે છે.

અમેરિકાના રાષ્ટ્રપતિએ પુષ્ટિ આપી છે કે તેઓ દક્ષિણ કોરિયામાં ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગને મળશે. તેમણે વાજબી અને પરસ્પર લાભદાયી પરિણામની આશા વ્યક્ત કરી છે.

# JAPAN-PM

જાપાનમાં શાસક પક્ષ લિબરલ ડેમોક્રેટિક પાર્ટી LDP અને જાપાન ઇનોવેશન પાર્ટીએ ગઠબંધન કરારને ઔપચારિક બનાવ્યો છે. જેનાથી LDP નેતા સનાઇ તાકાઇચી દેશના પ્રથમ મહિલા પ્રધાનમંત્રી બનવાનો માર્ગ મોકળો થયો છે.

ગઈકાલે સાંજે LDP નેતા સનાઇ તાકાઇચી અને જાપાન ઇનોવેશન પાર્ટીના નેતા હિરોફુમી યોશિમુરા વચ્ચે ડાયેટ ખાતે મળેલી બેઠક દરમિયાન આ સત્તાવાર કરાર કરાયો. બંને પક્ષોએ આર્થિક અને નાણાકીય સુધારા, વિદેશી બાબતો, રાષ્ટ્રીય સુરક્ષા અને ઊર્જા સહિત નીતિગત ક્ષેત્રોની વ્યાપક શ્રેણીમાં સહયોગ કરવાનું વચન આપ્યું હતું.

# POLICE COMMEMORATION DAY

આજે પોલીસ સ્મૃતિ દિવસ છે. વર્ષ ૧૯૫૯માં આજના દિવસે, લદ્દાખના હોટ સ્પ્રિંગ્સ ખાતે સશસ્ત્ર ચીની સૈનિકો દ્વારા કરાયેલા હુમલામાં દસ બહાદુર પોલીસકર્મીઓએ પોતાના જીવ ગુમાવ્યા હતા. ૨૧ ઓક્ટોબરે દર વર્ષે પોલીસ સ્મૃતિ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આજે, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ નવી દિલ્હીમાં રાષ્ટ્રીય પોલીસ સ્મારક ખાતે શહીદોને પુષ્પાંજલિ અર્પણ કરશે. કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી, કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોના વડાઓ, કેન્દ્રીય પોલીસ સંગઠનો પણ પુષ્પાંજલિ અર્પણ કરીને શહીદોને શ્રદ્ધાંજલિ આપશે. આજે કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો અને દિલ્હી પોલીસની સંયુક્ત પરેડ પણ યોજાશે.

# ASIAN-YOUTH-GAMES

બહેરીનના મનામામાં ચાલી રહેલી એશિયા યુવા રમતોત્સવ 2025માં ભારતે કુસ્તીના પરંપરાગત સ્વરૂપ કુરાશમાં વધુ બે ચંદ્રક જીત્યા.

મહિલાઓની 52 કિગ્રા શ્રેણીમાં કનિષ્કા બિધુરીએ ઉઝબેકિસ્તાનની મુબીનાબોનુ કરીમોવા સામે 3-0થી હારતા રજત ચંદ્રકથી સંતોષ માનવો પડ્યો. જ્યારે અરવિંદે પુરુષોની 83 કિગ્રા શ્રેણીમાં કાંસ્ય ચંદ્રક જીત્યો હતો.

---

# અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

♣ આજના અખબારોએ વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સમાચારોની હેડલાઇન બનાવી છે.

♣ ગુજરાત સમાચાર લખે છે ચીનનો 100 ટકા ટેરિફ માફ, ભારત પર 100 ટકા ટેરિફ.... પીએમ મોદીએ વિક્રાંતના જવાનો સાથે મધદરિયે દિવાળી ઉજવી...

♣ દિવ્ય ભાસ્કર લખે છે ઓપરેશન સિંદૂરમાં INS વિક્રાંતની શક્તિએ પાકિસ્તાનમાં ભયની લહેર ફેલાવી- વડાપ્રધાન.....

♣ સંદેશ લખે છે INS વિક્રાંત પાક.ની ઉંઘ હરામ કરી હતી-મોદી....

♣ સેનાની ત્રણેય પાંખે પાક.ને ઘૂંટણિયે પાડ્યું – પીએમ મોદી આ સમાચારને નવગુજરાત સમયે પ્રથમ પાને છાપ્યા છે